પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૫૭, કુલ પાના:૪, તારીખ: ૨૬-૦૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 157 PRICE :-RS. 1.50 DATE : 26-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વેપારીઓ દેશભરમાં ૧૫૦૦ જગ્યાએ ધરણાં-વિરોધ પ્રદર્શન કરશે

# GSTના વિરોધમાં આજે વેપારીઓનું ભારત બંધનું એલાન





ન્યુ દિલ્હી,

૨૬ જાન્યુઆરીએ જીએસટીના વિરોધમાં સમગ્ર ભારતમાં બજારો બંધ રહેશે. વેપારી સંગઠન સીએઆઈટીએ ગુરુવારે જણાવ્યુ કે વસ્તુ તેમજ સેવા કર(જીએસટી) વ્યવસ્થાની જોગવાઈની સમીક્ષાની માંગ હેઠળ દેશભરના બધા વાણિજ્યિક બજાર ૨૬ ફેબ્રુઆરીએ બંધ રહેશે. કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સએ કહ્યુ કે કેન્દ્ર(રાજય) અને જીએસટી પરિષદે જીએસટીની વિધિવત જોગવાઈને યથાવત રાખવાની માંગ કરીને ૧૫૦૦ જગ્યાઓએ દેશભરમાં ધરણા(વિરોધ પ્રદર્શન) કરવામાં આવશે. સીએઆઈટીએ જીએસટી પ્રણાસીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે તેના ટેક્સ સ્લેબની પણ માંગ કરી.

એક પ્રેસ કૉન્ફરન્સને સંબોધિત કરીને સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યુ કે આ મુદ્દે સરકાર સાથે પણ વાત કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે અખિલ ભારતીય ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પણ સીએઆઈટીના ભારત બંધનુ સમર્થન કરશે અને ૨૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ આયોજિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે દેશભરમાં બધા વાણિજ્યિક બજારો બંધ રહેશે અને બધા રાજ્યોના વિવિધ શહેરોમાં ધરણા પ્રદર્શન આયોજિત કરવામાં આવશે.

ખંડેલવાલે વધુમાં ઉમેર્યુ કે સીએઆઈટી સાથે સાથે દેશભરમાં ૪૦,૦૦૦થી વધુ વેપારીઓના સંગઠન બંધનુ સમર્થન કરશે. તેમણે જોયુ કે સ્વૈચ્છિક અનુપાલ એક સફળ જીએસટી શાસનની કુંજી છે કારણકે વધુ લોકોને અપ્રત્યક્ષ કર પ્રણાલીમાં શામેલ થવા, કર આધાર વધારવા અને મહેસૂલ વધારવા માટે પ્રોત્સાહિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે છેલ્લા ચાર વર્ષોમાં જીએસટી નિયમોમાં અત્યાર સુધી લગભગ ૯૫૦ સુધારા કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે જીએસટી પોર્ટલમાં સતત ટેકનિકલ ગરબડ અને અનુપાલન દબાણ આ સિસ્ટની ખામીઓમાં શામેલ છે.

દેશના ટ્રાન્સપોર્ટ સેક્ટર ઉપરાંત મોટી સંખ્યામાં અનેક રાષ્ટ્રીય વ્યાપારીક સંગઠનોએ પણ વ્યાપાર બંધનું સમર્થન કર્યુ છે. જેનાથી ખાસ રીતે ઓલ ઈન્ડિયા એફએમસીજી ડિસ્ટ્રિબ્યૂટર્જ ફેડરેશન, ફેડરેશન ઓફ અલૂમિનિયીયમ યૂટેન્સિલસ મેન્યૂફૈક્ચરરસ એન્ડ ટ્રેડર્સ અસોસિએશન, નોર્થ ઈન્ડિયા સ્પાઈસિસ ટ્રેડર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા વુમન એન્ટરપ્રિનિયર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોમ્પ્યુટર ડીલર અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોસ્મેટિક મેન્યુફક્ચર્સ અસોશિયેશન વગેરે સામેલ છે.

## હાય રે મોંઘવારી: અમદાવાદમાં પેટ્રોલ ૮૮ રૂપિયાને પાર



અમદાવાદ,

જે રાજ્યોમાં વેટના દર ઉંચા છે ત્યાં બસ થોડા જ દિવસોમાં પેટ્રોલ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં છે. વાત આટલેથી પૂરી નથી થતી. હાલની સ્થિતિ અને સંજોગો પણ કંઈક એવા છે કે, પેટ્રોલના ૧૦૦ રુપિયા પ્રતિ લિટરના ભાવ આગામી દિવસોમાં 'ન્યૂ નોર્મલ' બની રહેવાની પૂરી શક્યતા છે. આજે અમદાવાદમાં પેટ્રોલના ભાવ ૮૮ રુપિયાની સપાટીને વટાવી ગયા છે.

પેટ્રોલની કિંમતનો મોટો આધાર તેના પર લાગુ પડતા વિવિધ ટેક્સ અને ક્રૂડ ઓઈલની કિંમત પર નક્કી થાય છે. જો એપ્રિલ મહિનાથી પેટ્રોલિયમનું પ્રોડક્શન કરતાં દેશોએ તેમાં વધારો ના કર્યો તેમજ ટેક્સમાં પણ કોઈ રાહત ના મળી, તો મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી રાહત મળવાની શક્યતા લગભગ નહીવત છે.

વોલ સ્ટ્રીટની ત્રણ બેંકો ગોલ્ડમેન શાઝ, મોર્ગન સ્ટેન્લી અને બેંક ઓફ અમેરિકાનું આકલન છે કે, આગામી કેટલાક મહિનામાં ક્રૂડના ભાવ ૭૦ ડોલરની આસપાસ થશે અને તે વધીને ૭૫ ડોલર થઈ જાય તો પણ નવાઈ નહીં. એટલું જ નહીં, જો ઓપેક દ્વારા ક્રૂડનું પ્રોડક્શન વધારી દેવાયું તો પણ તેની ડિમાન્ડની સરખામણીએ પૂરવઠો ઓછો રહેવાથી પેટ્રોલ-ડીઝલ સસ્તા નથી થવાના.

હાલના દિવસોમાં જ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કેટલાક રાજ્યોમાં પેટ્રોલે સેન્ચ્યુરી ફટકારી દીધી છે, જેની પાછળ ત્યાં પેટ્રોલ પર લેવાતા ઉંચા ટેક્સ જવાબદાર છે. વળી, બુધવારે બ્રેન્ડ ક્રૂડ પણ ૬૫ ડોલર પ્રતિ બેરલની સપાટીને કૂદાવી ગયું હતું, અને ભારતની ક્રૂડની ખરીદી પણ સોમવારથી ૬૨ને બદલે ૬૩.૯૦ ડોલરના ભાવ પર પહોંચી છે.

ભારતીય રિફાઈનરીઓ દ્વારા બ્રેન્ટને બદલે મિક્સ ક્રૂડ ખરીદવામાં આવતું હોય છે, જે બ્રેન્ટથી ૨-૩ ડોલર સસ્તું હોય છે. જોકે, ક્રૂડના ભાવ વધે તે સાથે આ અંતર ઘટતું જતું હોય છે. આ હિસાબે જો ક્રૂડ ૭૦ ડોલરની સપાટી પર પહોંચે તો ભારતની ખરીદીનો ભાવ ૬૮ ડોલરની આસપાસ પહોંચી જશે, જે હાલના ભાવ કરતાં ૬-૭ ડોલર વધુ છે. એક્સપર્ટ્સનું માનીએ તો, ક્રૂડની કિંમતમાં ૧ ડોલરનો વધારો થાય તો ઘરઆંગણે પેટ્રોલની કિંમત ૫૫ પૈસા અને ડીઝલની કિંમત ૬૦ પૈસા જેટલી વધી જાય છે. આમ, જો ક્રૂડ ૭૦ ડોલરની સપાટીએ પહોંચી ગયું તો દિલ્હીમાં હાલ પેટ્રોલ જે ભાવે વેચાય છે તેનાથી ૩.૩૦ રુપિયા જ્યારે ડીઝલ ૩.૬૦ રુપિયા જેટલું વધી જશે.

## રેલ્વેએ ટૂંકા અંતરની પેસેન્જર ટ્રેનના ભાડા વધારી દીધા

ન્યુ દિલ્હી,

રેલવેએ પેસેન્જર અને ઓછા અંતરની અન્ય ટ્રેનોના ભાડા વધારી દીધા છે. અંદાજે ૩૦ દિવસથી ચુપચાપ વધી ગયેલ રેલવે ભાડા પર રેલવેએ પ્રથમ વખત સ્પષ્ટતા કરી છે કે આ ભાડા એટલા માટે વધારવામાં આવ્યા છે જેથી કોરોનાકાળમાં એવા પ્રવાસીઓને રોકવામાં આવે જેના માટે રેલવે પ્રવાસ જરૂરી નથી. પેસેન્જર ટ્રેનોનોની ટિકીના ભાવ વધારીને મેલ અને એક્સપ્રેસ ટ્રેનના અનરિઝર્વ્ડ ડબ્બાના ભાડા જેટલા કરી દેવામાં આવ્યા છે.

ઓછા અંતરના ટ્રેન ભાડામાં વધારાને લઈને લોકોની ચિંતાઓ પર રેલવેએ એવી ચોખવટ કરી છે કે, બિનજરી યાત્રાઓમાં ઘટાડો કરવા માટે ભાડામાં વધારો કરાયો છે. કોરોના લોકડાઉનમાં છૂટછાટ બાદ રેલવે માત્ર સ્પેશિયલ ટ્રેન ચલાવે છે. પ્રારંભમાં ફકત લાંબા અંતરની ટ્રેનોનું સંચાલન થતું હતું પરંતુ હવે ઓછા અંતરની પેસેન્જર ટ્રેનો પણ ચલાવાઈ રહી છે.

રેલવેના જણાવ્યા મુજબ કોરોના મહામારીને અનુલક્ષીને વિશેષ જોગવાઈ મુજબ આ ટ્રેનોના ભાડા ટૂંકા અંતર માટે વધારવામાં આવ્યા છે. દા.ત. અમૃતસરથી પઠાણકોટનું ભાડું ૨૫ પિયા હતું તો હવે તે ૫૫ થશે. એ જ રીતે જલંધરથી ફિરોઝપૂર જવું હોય તો ભાડું ૩૦ પિયા છે પરંતુ હવે ૬૦ થશે. કોરોનાનું સંકટ હજુ પણ યથાવત છે. અનેક રાજ્યોમાં યાત્રીકોની સ્ક્રિનિંગ ચાલી રહી છે માટે બિનજરી યાત્રાઓ ન થાય તે માટે ભાડા વધારવામાં આવ્યા છે.

## મોંઘવારીનો ડબલ ડોઝ: LPG ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો




ન્યુ દિલ્હી,

સરકારી તેલ કંપનીઓએ સામાન્ય માણસને વધુ એક ઝટકો આપ્યો છે. તેલ કંપનીઓએ ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધુ એકવાર વધારો કર્યો છે. જે બાદ સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઈ ગઈ છે. વધારેલા ભાવ આજે ૨૫ ફેબ્રુઆરીથી લાગુ થઈ જશે. તમને જણાવી દઈએ કે આ મહિને ગેસ સિલિન્ડરની કિંમતોમાં આ ત્રીજીવાર વધારો કરવામાં આવ્યો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં ત્રીજીવાર ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે ૪ ફેબ્રઆરીએ એલપીજીના ભાવમાં ૨૫નો વધારો કર્યો હતો. ત્યાર બાદ ૧૫ ફેબ્રુઆરીના ફરીવાર એલપીજીના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને હવે આજે ફરીવાર ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.એક ડિસેમ્બરે ગેસ સિલિન્ડરનો ભાવ ૫૯૪ રૂપિયાથી વધીને ૬૪૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૧ ફેબ્રુઆરીએ ફરીથી ૫૦ રૂપિયાનો વધારો કરવામા આવ્યો હતો. જે બાદ ૬૪૪નો સિલિન્ડર ૬૯૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૪ ફેબ્રુઆરીના રોજ કરવામા આવેલા વધારાને કારણે તેની કિંમત ૬૪૪થી વધીને ૭૧૯ રૂપિયા થઈ ગઈ હતી. ૧૫ ફેબ્રુઆરીના રોજ ૭૧૯ રૂપિયાથી વધીને ૭૬૯ રૂપિયા થઈ ગઈ હતી અને ૨૫ ફેબ્રુઆરીના રોજ ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવતા તેની કિંમત ૭૬૯થી વધીને ૭૯૪ રૂપિયા પર પહોંચી ગઈ છે.

જાન્યુઆરીમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજીની કિંમતમાં કોઈ ફેરફાર નહોતો કર્યો. જોકે ડિસેમ્બરમાં બે વખત ૫૦-૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. બજેટના દિવસે એટલે કે ૧ ફેબ્રુઆરીએ સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામનાં ગેસ-સિલિન્ડરની કિંમતમાં વધારો નહોતો થયો, પરંતુ ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૧૯૧ રૂપિયાનો વધારો થયો હતો.

## મૂડીઝને ભારત પર વિશ્વાસ: આર્થિક વિકાસદરનો અંદાજ વધારી ૧૩.૭ ટકા કર્યો



ન્યુ દિલ્હી,

વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે ભારતીય અર્થવ્યવસ્થા પ્રત્યે આશાવાદ દર્શાવ્યો છે. મૂડીઝે આગામી નાણાકીય વર્ષ માટે ભારતના આર્થિક વિકાસદરનો અંદાજ વધારીને ૧૩.૭ ટકા કર્યો છે જે અગાઉ ૧૦.૮ ટકા હતો. આર્થિક ગતિવિધિઓ સામાન્ય થવાથી તેમજ કોરોના રસીકરણ અભિયાન શરૂ થયા બાદ માર્કેટમાં વધી રહેલા વિશ્વાસને જોતા મૂડીઝે અપગ્રેડેશન કર્યુ છે. રેટિંગ એજન્સીએ આ ઉપરાંત ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થામાં થનાર સંકોચનના અંદાજને પણ પોતાના અગાઉના ૧૦.૬ ટકા ટકાથી સુધારીને ૭ ટકા કર્યો છે. એટલે કે ચાલુ નાણાકીય વર્ષે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસદરમાં ૭ ટકાનું સંકોચન થવાની ધારણા છે.

મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસના સહાયક એમડી જેને ફેંગે કહ્યુ કે, અમારો વર્તમાન અંદાજ એ છે કે પ્રવર્તમાન માર્ચ ૨૦૨૧માં સમાપ્ત થનાર ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થામાં ૭ ટકાનું સંકોચન આવશે. અમે આર્થિક ગતિવિધિઓ સામાન્ય થતા અને આધારભૂત અસરોને ધ્યાનમાં રાખતા આગામી નાણાંકીય વર્ષે અર્થવ્યવસ્થામા ૧૩.૭ ટકાની વૃદ્ધિની અપેક્ષા રાખીયે છીએ.

તે ઉપરાંત અન્ય રેટિંગ એજન્સી ઈકરાના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતી નાયરે કહ્યુ કે, ચાલુ નાંણાકીય વર્ષે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૦ના ત્રીજા ક્વાર્ટરમા આર્થિક વિકાસદર ૦.૩ ટકા રહેવાની અપેક્ષા છે. તો ઈકરાનું માનવુ છે કે ભારતીય અર્થવ્યવસ્થા ચાલુ નાણાકીય વર્ષમાં સાત ટકા નીચે રહેશે જ્યારે આગામી નાણાકીય વર્ષમાં ૧૦.૫ ટકાની વૃદ્ધિ જોવા મળશે.

## બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર કરાઈ, વિદ્યાર્થીઓની હાજરી સાથે પરીક્ષાઓ લેવાશે

ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડે ધો.૯થી ૧૨માં પ્રથમ પરીક્ષા અને ધો.૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષાની તારીખો જાહેર કરી છે. જે મજુબ ધો.૯થી૧૨માં ૧૯મી માર્ચથી પ્રથમ સત્ર પરીક્ષા શરૂ થશે અને ૭ જુનથી ધો.૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષા લેવાશે. કોરોનાની સ્થિતિ સુધરતા સરકારે ૧૧ જાન્યુઆરીથી રાજયમાં ધોરણ ૧૦-૧૨ની અને ત્યારબાદ ધો.૯ અને ૧૧ની સ્કૂલો વિદ્યાર્થીઓની હાજરી સાથે રેગ્યુલર શરૂ કરી છે.

હવે સ્કૂલોમાં જ વિદ્યાર્થીઓની હાજરી સાથે પરીક્ષાઓ પણ લેવાશે. ધોરણ ૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૯થી ૨૭ માર્ચ દરમિયાન યોજાશે અને વાર્ષિક પરીક્ષા ૭ જૂનથી ૧૫મી જૂન વચ્ચે યોજાશે. સ્કૂલોએ પોતાની રીતે પ્રથમ સત્ર અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. બોર્ડ દ્વારા ધો.૯થી૧૨માં ૩૦ ટકા અભ્યાસક્રમ ઘટાડી દેવાયો છે ત્યારે સ્કૂલો બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ૭૦ ટકા અભ્યાસક્રમ મુજબ અને નવા પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવાની રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષે બીજા સત્રની પરીક્ષા નહી લેવાય. આ વર્ષે બીજા સત્રની પરીક્ષા જ થનાર ન હોવાથી માત્ર પ્રથમ પરીક્ષાના પરિણામમાંથી આંતરિક મુલ્યાંકનના ગુણ સ્કૂલોએ મુકવાના રહેશે.

## સરહદે શાંતિ જાળવવા ભારત-પાક DGMO વચ્ચે હોટલાઈન મંત્રણા



ન્યુ દિલ્હી,

પૂર્વી લદ્દાખમાં એલએસી પર ચીને બોર્ડર પરથી બંને દેશોની સેનાઓએ પાછળ હટવાનું શરૂ કરી દીધું છે ત્યાં પાકિસ્તાન પણ ઢીલુ પડી ગયું છે. પાકિસ્તાને સામે ચાલીને ભારતને શાંતિની અપીલ કરી છે. ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ્સ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે હોટલાઈન પર વાતચીત થઈ હતી. બંને દેશોની સેનાના ડીજીએમઓએ એક સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું હતું.


સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હ્તું કે, બંને દેશોએ તમામ સંધિઓ, સમજુતિઓ અને સંઘર્ષ વિરામ સહિતના નિયમોનું પાલન કરવા પર સહમતિ સધાઈ છે. આ સહમતિ ૨૪-૧૫ ફેબ્રુઆરીની મધ્ય રાત્રીથી જ અમલી બની ગઈ હતી. બંને દેશો વચ્ચે એ વાતને લઈને પણ સહમતિ સધાઈ હતી કે, જો કોઈ ગેરસમજ ઉભી થાય તો પહેલાથી જ રહેલી હોટલાઈન દ્વારા સંપર્ક કરવો અને બોર્ડર ફ્લેગ મિટિંગ્સની સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. બંને દેશોના ડીજીએમઓએ સંયુક્ત નિવેદનમાં કહ્યું હતુ કે, નિયંત્રણ રેખા અને બાકીના તમામ સેક્ટર પર સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ વાતચીત એકદમ સકારાત્મક વાતાવરણમાં થઈ હતી. બેઠકમાં બંને દેશો વચ્ચે એ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતુ કે, બંને દેશો એ મુદ્દા અને ચિતાઓ પર કાર્યવાહી કરશે જેના કારણે શાંતિ ભંગ થાય છે અને હિંસા થાય છે. આ વાતચીત સરહદો પર સતત શાંતિ જાળવવાની દિશામાં ભરવામાં આવેલુ એક પગલુ છે.

## ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૩ના અપક્ષ ઉમેદવાર ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ)



ગોધરા,

ગોધરા વોર્ડ નં.૩ના સેવાભાવી અને લોકચાહના ધરાવતા અપક્ષ ઉમેદવાર ચેતનદાસ લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ) ને વોર્ડ વિસ્તારના મતદારો તરફથી સારો આવકાર મળી રહ્યો છે. વોર્ડ નં.૩ માંથી ગત ટર્મમાં પાલિકાના પ્રતિનિધી તરીકે ચુંટી લાવ્યા હતા. તેમના સમયગાળામાં કોરોના મહામારીના પ્રકોપ જોવા મળ્યો. આ કોરોના મહામારીમાં લોકડાઉન કરવામાં આવ્યું હતું. લોકડાઉનના સમયમાં નાના અને મધ્યમવર્ગને મુશ્કેલીઓ વેઠવી પડી હતી. ત્યારે ચેતનદાસ (પપ્પીભાઈ) સેવાની ભેખ ધરી હતી અને લોકડાઉનના સમયગાળામાં જરૂરીયાતમંદ લોકોને શાકભાજી, દુધ, ફળફળાદી, અનાજ કરીયાણું પુરૂ પાડવામાં વોર્ડ નં.૩ વિસ્તારમાં રોડ રસ્તાની સુવિધા, ગટરની સાફ સફાઈ, દવાના છંટકાવ જેવી વ્યવસ્થા પણ વોર્ડના રહિશો માટે કરતાં આવ્યા છે. વોર્ડ નં.૩ વિસ્તારના લોકોની પ્રાથમિક સમસ્યાને હલ કરવા માટે તત્પર રહેતા હોય તેવા ચેતનદાસ સામનાણી (પપ્પીભાઈ)ને ૨૮ ફેબ્રુઆરના રોજ યોજાનાર પાલિકાના મતદાનના દિવસે પવિત્ર મત આપી અપાવી વિજેતા બનાવવા મતદારોને અપીલ છે.




ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી)

તથા

સંજય ચંપકલાલ સોની

ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

આપનો મત સાચા અર્થમાં વિકાસને મત

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧૧ |  | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ |  | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર
સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનો અને મતદારોમાં મતદાન પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ આવે તે માટે ભવાઈ અને શેરી નાટકો યોજાયા


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી–૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર.. આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનો અને મતદારોમાં મતદાન પ્રત્યે ઉત્સાહ અને જાગૃતિ આવે તે માટે ચુંટણી અધિકારી અને મામલતદાર એચ. એ. મકવાણા દ્વારા તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-19 ની ગાઇડ લાઇનને અનુસરીને ભવાઈ અને શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

તે અંતર્ગત મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ઉંડાણ અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત માધ્યમોના કલાકારો દ્વારા ગામઠી ભાષામાં મતદાન જાગૃતિ માટે તાલુકાના સત્યારા, ઉડાવા, ભુવાબાર, પુંજેલાવ, વાવકુંવા, ઝેર, લંભો, ઢોલખાખરા, મોર ખાખરા, કાળાખેતરાં ગામોમાં તાલુકા /જિલ્લા પંચાયત ચૂંટણી માં લોકો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ભવાઈ અને શેરી નાટકો ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર જોડાઇને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું.

# મહીસાગરમાં આજે ૦૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૭૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫–૦૨–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૦૭૩ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૧૯૮૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૩૦૪૯૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૯ દર્દી હોમ આઇસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૪ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહિસાગર જિલ્લાકક્ષાએ રાઉન્ડ-ધી-કલોક કંટ્રોલ રૂમ શરૂ કરાયો

લુણાવાડા, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા અને જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત તા. ૨૩મીના રોજ કરવામાં આવી છે.

તદ્અનુસાર મહીસાગર જિલ્લાની જિલ્લા અને તમામ છ(૬) તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી આગામી તા. ૨૮–૨–૨૦૨૧ના રોજ યોજાનાર છે. તેમજ તા. ૨–૩–૨૦૨૧ના રોજ મતગણતરી યોજાનાર છે. જેને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએ રાઉન્ડ–ધી–કલોક ચૂંટણી કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમનો ટેલિફોન નં ૦૨૬૭૪–૨૫૫૬૨૫ અને ફેકસ નંબર ૦૨૬૭૪–૨૫૦૬૫૫ તેમજ Email-collector-mahgujarat.gov.in/pro-mahgujarat.gov.in ઉપર સંપર્ક સાધવા મહીસાગર–લુણાવાડાના રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકરે એક યાદી દ્વારા જણાવ્યું છે.

## ગોધરા તાલુકાના ચરારી ભમરાના મુવાડાના ૬૦ વર્ષીય વૃદ્ધે એસીડ પી જતાં સારવાર માટે ખસેડાયા

ગોધરા, ગોધરા તાલુકાના ચરારીના ભમરાના મુવાડા ગામે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધે કોઈ અગમ્યકારણોસર એસીડ પી જતાં સારવાર અર્થે ગોધરા સિવિલમાં દાખલ કરવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ચરારી ભમરાના મુવાડા ગામે રહેતા ગિરધરભાઈ બહ્લુભાઈ ઉ.વ.૬૦ એ અગમ્યકારણોસર એસીડ પી ગયા હતા. દવા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# નડિયાદમાં વિદ્યાર્થિની પર દુષ્કર્મ ગુજારનાર શિક્ષકને કોર્ટે ફટકારી જન્મટીપની સજા



નડિયાદ, સમાજને ઊંચો લાવવા એક શિક્ષકનું ખુબજ પ્રદાન રહેલું હોય છે. શિક્ષક શિક્ષણ આપી સમાજને આગળ ધપાવતો હોય છે. પરંતુ જ્યારે એક શિક્ષક જ પોતાના વિદ્યાર્થી ઉપર દાનત બગાડે ત્યારે આવા લપંટ શિક્ષકને કડકમાં કડક સજા કરવી જોઈએ. સમગ્ર શિક્ષક ઉપર લાંછન રૂપ કિસ્સો વર્ષ ૨૦૨૦માં સામે આવ્યો હતો. નડિયાદમાં પીપલગ રોડ પરની યુરો સ્કૂલના શિક્ષકે પોતાની હવસ સંતોષવા માટે સ્કૂલની એક વિદ્યાર્થીની ઉપર દુષ્કર્મ આચર્યું હતું. આજે આ કેસની સુનાવણી દરમ્યાન અધમકૃત્ય આચરનાર શિક્ષકને આજીવન કેદની સજા નડિયાદ પોકસો કોર્ટે આપી છે. સાથે સાથે કુલ રૂપિયા એક લાખ ૧૭ હજારનો દંડ પણ ફટકાર્યો છે. ઉપરાંત આરોપીએ ભોગબનનારને વળતર પેટે રૂપિયા ૪ લાખ ચૂકવી આપવા કોર્ટે હુકમ કર્યો છે.

વસો તાલુકાના કલોલી ગામે ખ્રિસ્તી ફળીયામાં રહેતા મનીષકુમાર પાઉલભાઈ પરમાર સામે વર્ષ ૨૦૨૦માં બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. મનીષ પોતે નડિયાદના પીપલગ રોડ ઉપર આવેલ યુરો સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. ઓગસ્ટ ૨૦૧૯ થી જુલાઈ ૨૦૨૦ના સમયગાળામાં તેણે સ્કૂલની એક સગીર વયની વિદ્યાર્થીની ઉપર દાનત બગાડી હતી. મનીષ અવારનવાર આ વિદ્યાર્થીનીનો પીછો કરતો અને સ્કૂલમાં પણ તેણીની સાથે બિભત્સ વર્તન કરતો હતો. આ હવસખોર શિક્ષક આટલેથી નહીં અટકતા તેણે સોશ્યલ મીડિયા મારફતે આ વિદ્યાર્થીની સુધી પહોંચી બિભત્સ મેસેજ કરી સગીરાના નગ્ન ફોટા મંગાવતો અને વિડિયો મોકલી પરેશાન કરતો હતો. ડીસેમ્બર ૨૦૧૯ના પહેલાં અઠવાડિયામાં મનીષ સ્કૂલમાં હતો ત્યારે તેણે પોતાની હવસ સંતોષવા માટે સ્કૂલના બિલ્ડીંગના બીજા માળે આ સગીરાને ચાવી મળેલ છે તેમ કહી બોલાવી હતી. બાદમાં એકલતાનો લાભ મેળવી તેણીની સાથે જબરજસ્તી કરી હતી. આ ઉપરાંત સ્કૂલના જેન્ટસ વોશરૂમમાં લઈ જઈ તેણીની મરજી વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ પુરેપુરી ઘટના પ્રકાશમાં આવતા સ્કૂલ પ્રશાસને તુરંત આ શિક્ષકને સસ્પેન્ડ કરી દીધો હતો. તો બીજી તરફ સગીર વિદ્યાર્થીનીના પરિવારજનોએ આ અંગે આ અધમકૃત્ય આચરનાર શિક્ષક મનીષ પરમાર વિરુદ્ધ નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવતા, આજે આ કેસ ખેડા જિલ્લાની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી ગયો છે.

# ભાગેડુ નિરવ મોદીની થશે ભારત વાપસી: લંડન કોર્ટે પ્રત્યાર્પણને મંજૂરી આપી



લંડન, PNB કોભાંડમાં વોન્ટેડ હીરા કારોબારી નીરવ મોદીના ભારત પ્રત્યર્પણ પર બ્રિટનની કોર્ટમાં ગુરુવારે અંતિમ સુનાવણી થઈ. તેમાં કોર્ટે નીરવને ભારત મોકલવાની મંજૂરી આપી છે.

જજે કહ્યું કે, નીરવ મોદીને ભારત મોકલવામાં આવશે તો એવું નથી કે ત્યાં ન્યાય નહીં મળે. કોર્ટે નીરવ મોદીની માનસિક સ્થિતિ સારી ન હોવાની વાતને પણ ફગાવી દીધી છે. કહ્યું છે કે, એવું લાગતું નથી કે તેને કોઈ તકલીફ હોય. કોર્ટે મુંબઈની આર્થર રોડ જેલના બેરેક નંબર ૧૨ને નીરવ મોદી માટે પરફેક્ટ ગણાવી છે. તે સાથેજ કહ્યું છે કે, ભારત પ્રત્યર્પણ થશે તો પણ તેને ત્યાં ન્યાય મળશે જ.

પંજાબ નેશનલ બેંકા ૧૪ હજાર કરોડથી વધારે લોનની છેતરપિંડીના આરોપી નીરવ મોદી અત્યારે લંડનની વાંડ્સવર્થ જેલમાં બંધ છે. તેને પ્રત્યર્પણ કરી ભારત લાવવા માટે કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. કોર્ટના ચુકાદા બાદ આ અંગે અંતિમ મંજૂરી માટે આ કેસ બ્રિટનના ગૃહ મંત્રી પ્રીતિ પટેલ પાસે જશે. જ્યારે આ અંગે અંતિમ મંજૂરી મળી જશે.

પરંતુ આ ચુકાદા બાદ પણ ભારતીય તપાસ એજન્સીઓ અને નીરવ મોદીની પાસે હાઈકોર્ટમાં અપીલ કરવાની તક હશે. જેમાં માનવામાં આવી રહ્યું છે કે આ મામલાની સુનાવણી હજુ લાંબી ચાલી શકે છે. નીરવ મોદીને પ્રત્યર્પણ વોરંટ પર ૧૯ માર્ચ ૨૦૧૯ના ધરપકડ કરવામાં આવી હતી અને પ્રત્યર્પણ મામલાના સિલસિલામાં થયેલી ઘણી સુનાવણી દરમિયાન તે વોન્ડ્સવર્થ જેલમાં વીડિયો લિંક દ્વારા સામેલ થયો હતો.

નીરવ મોદી અને તેના મામા મેહુલ ચોકસીએ બેંક અધિકારીઓ સાથે મળી પંજાબ નેશનલ બેંકમાં આશરે રૂપિયા ૧૪ હજાર કરોડથી વધારે લોનની છેતરપિંડી કરી હતી. આ છેતરપિંડી ગેરન્ટી પત્ર મારફતે કરવામાં આવી હતી. તેની ઉપર ભારતમાં બેંકને લગતી ગેરરીતિ અને મની લોન્ડ્રિંગ હેઠળ બે મુખ્ય કેસ સીબીઆઈ અને ઈડીએ દાખલ કરેલા છે. આ ઉપરાંત અન્ય કેસમાં પણ તેની સામે ભારતમાં કેસ નોંધાયેલ છે. નીરવ મોદીએ તેના પ્રત્યાર્પણના આદેશ સામે બ્રિટનની કોર્ટમાં સ્ટે માગ્યો છે.

## વિરપુરથી ડેભારીના રસ્તાનું નવીનીકરણ હાથ ધરાતા લોકોમાં ખુશી

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુરથી ડેભારી જવાનો મુખ્ય માર્ગ છેલ્લા આઠ વર્ષથી ખાડા ખાબોચિયા અને માર્ગ પર ઠેર ઠેર ઉંડા ખાડાઓ પડી ગયા હોવાને કારણે સ્થાનિક લોકોને અવર જવર કરવા માટે ભારે તકલીફ પડી રહી હતી. આ માર્ગ પર અંદાજિત ૮ જેટલી ગ્રામ પંચાયતો અને ૪૭ જેટલા ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આ માર્ગ માથાનો દુખાવો સમાન બની ગયો હતો. આ માર્ગ પર બે માસ પુર્વે અકસ્માતમાં એક યુવાને જીવ પણ ગુમાવ્યો હતો. આ અંગે સ્થાનિક લોકો દ્વારા નવીન માર્ગ માટે અનેક રજુઆતો બાદ પણ આ માર્ગનુ નવીનીકરણ કરવામાં આવતુ ન હોવાના કારણે આ અંગેના સમાચારો પ્રસિદ્ધ થતાં તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ નવીન માર્ગ બનાવવા માટે મુખ્યમંત્રી સડક યોજના અંતર્ગત રૂ.૪.૨૬ કરોડ ફાળવી રોડની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વધુમાં વિરપુરથી ડેભારી જવાનો જુનો માર્ગ ૩.૭૫ મીટર પહોળો હતો જે સમયે અરજદારોની માંગણીને ધ્યાને લઈ આ માર્ગની પહોળાઈ વધારીને ૫.૫૦ મીટર કરવામાં આવી છે. આ માર્ગનુ નવીનીકરણ થતાં પ્રજામાં ખુશી અને આનંદ છવાયો છે.

ગોધરા નગર પાલિકા વોર્ડ નંબર-૪ ના
નિષ્પક્ષ,જાગૃત,યુવા ને
લોક લાડીલા ઉમેદવાર
મહેશકુમાર પટેલ
મારુ નિશાન
સી.સી ટીવી કેમેરો



| અનુ.નં | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧૫ | મહેશકુમાર કાંતિભાઇ પટેલ | | |

મારા વોર્ડ નો વિકાશ એજ મારો ધ્યેય

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૯ કેસ મળ્યા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણના નવા ૯ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૪૦૦૮ થઈ છે. જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૩૭ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવેલ એકમાત્ર કેસ ગોધરા ગ્રામ્યમાંથી મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૩૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની કુલ સંખ્યા ૧૦૭૬ થવા પામી છે. જ્યારે ૦૬ દર્દીઓને સારવાર બાદ સ્વગૃહે પરત ફરવા રજા આપવામાં આવી છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૩૦ થવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૬-૦૨-૨૦૨૧, શુક્રવાર, મહા સુદ-૧૪, સૂર્યોદય-૬-૪૯, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# GujCTOC કાયદાને ગેરબંધારણીય જાહેર કરવા થઈ અરજીઃ રૂપાણી સરકારને હાઈકોર્ટની નોટિસ

અમદાવાદ, ગુજરાતની રૂપાણી સરકારે ગુજસીટોક GujCTOC કાયદો દાખલ કર્યો છે. જ્યારે બીજી તરફ (ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ) કાયદાને ગેરબંધારણીય જાહેર કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં વધુ એક રિટ કરવામાં આવી છે. અરજદારની રજૂઆત છે કે આ કાયદાના કારણે પોલીસને વધુ પડતી સત્તા મળે છે, તેમજ તેની જોગવાઈઓનું ખોટું અર્થઘટન થવાની શક્યા છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી વધુ સુનાવણી ત્રીજી માર્ચના રોજ નિયત કરી છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી વધુ સુનાવણી ત્રીજી માર્ચના રોજ નિયત અરજદારની રજૂઆત છે ક તેની સામે વર્ષ ૨૦૧૩થી ૨૦૧૬ દરમિયાન પાંચ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાંથી ત્રણ ફરિયાદ એક જ પોલીસ સ્ટેશનમાં ત્રણ દિવસના અંતરમાં નોંધવામાં આવી છે. આ ત્રણેય ફરિયાજો એક જ પ્રકારની બાબતોઅને આરોપોના આધારે છે. ગુજસીટોકને વર્ષ ૨૦૧૫માં રાષ્ટ્રપતિએ મંજૂરી આપી અને ૨૦૧૯ના ગેઝેટમાં તેને પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ કાયદો અમલમાં આવ્યો તેની પહેલાંના ગુનાઓને પણ તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. અરજદારની રજૂઆત છે કે આ કાયદામાં પોલીસને અપાર સત્તાઓ અપાઈ છે, જેથી તેના દુરૂપયોગની અને ખોટાં અર્થઘટનની શક્યતાઓ વધી રહી છે.

# ફરિયાદ મળવાના ૨૪ કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવું પડશે

ન્યુ દિલ્હી, સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ મુદ્દે કેન્દ્ર સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, સરકારે સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે નિયમો બનાવી નાંખ્યા છે. કેન્દ્ર સરકાર હવે સોશ્યલ મીડિયા અને OTT કંપનીઓ સામે કડક થઈ ગઈ છે. સોશ્યલ મીડિયામાં નિયમોમાં બદલાવ અને નવી ગાઈડલાઈનની જાહેરાત આજે કરવામાં આવી છે. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ અને પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદ કરી હતી.

રવિશંકર પ્રસાદે કહ્યું કે સોશ્યલ મીડિયામાં ખોટી ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પણ હવે સરકાર સોશ્યલ મીડિયા પર આપત્તિજનક સામગ્રીને મંજૂરી નહીં આપે. તેમણે કહ્યું કે અમે જોયું છે કે લોકો હવે હિંસા ફેલાવવા માટે સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે.

કેન્દ્ર સરકારે કહ્યું કે ભારતમાં વેપાર કરવા માટે સોશ્યલ મીડિયાનું સ્વાગત છે, અને સરકાર પોતાની ટીકા માટે પણ તૈયાર છે. પરંતુ સોશ્યલ મીડિયાના ખોટા ઉપયોગને મંજૂરી મળવી જોઈએ નહીં. સોશ્યલ મીડિયા માટે જે ગાઈડલાઈન બની છે તે ત્રણ મહિનામાં લાગુ કરી દેવાની રહેશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટ દ્વારા જ ઓનલાઈન પ્લેટફોર્મ અને તેના પર નાંખવામાં આવતા કન્ટેન્ટ માટે ગાઈડલાઈન જાહેર કરવા કહેવામાં આવ્યું હતું.

રવિશંકર પ્રસાદે એલાન કર્યું કે હવેથી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મએ અધિકારીઓનને તૈનાત કરવા પડશે અને કોઈ પણ આપત્તિજનક પોસ્ટ ૨૪ કલાકમાં હટાવી દેવી પડશે. ભારતમાં પોતાના નોડલ ઓફિસર અને રેસિડેન્ટ ગ્રીવાન્સ ઓફિસરની નિમણૂક કરવી પડશે અને એક મહિનામાં કેટલી ફરિયાદો પર એક્શન લેવામાં આવ્યું તેની જાણકારી પણ આપવાની રહેશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અફવા ફેલાવનાર વ્યક્તિ કોણ છે તેની જાણકારી આપવી પડશે.

ડિજિટલ માધ્યમ માટે સરકારે ગાઈડલાઈન જાહેર કરતાં કહ્યું કે ડિજિટલ મીડિયા અને OTT પ્લેટફોર્મે જાણકારી આપવાની રહેશે કે તે શું કામ કરે છે અને કયા પ્રકારનું કન્ટેન્ટ તૈયાર કરે છે. તે બાદ બધાએ એક સેલ્ફ રેગ્યુલેશન લાગુ કરવાના રહેશે અને તે માટે એક બોડી બનાવવામાં આવશે જે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અથવા અન્ય કોઈ વ્યક્તિ હેડ કરશે. ઈલેક્ટ્રોનિક મીડિયાની જેમ જ ડિજિટલ મીડિયાએ પણ ભૂલ થવા પર માફી પ્રસારિત કરવાની રહેશે.

### OTT માટે નવી ગાઈડલાઈન્સ

૧. કન્ટેન્ટના હિસાબે કેટેગરી નક્કી થશે.
૨. OTT કન્ટેન્ટની પાંચ કેટેગરી બનાવવામાં આવશે.
૩. U, U/A 7+, U/A 13+, U/A 16+, અને A કેટેગરી હશે.
૪. ડિજિટલ પ્લેટફોર્મ પર પેરેન્ટલ લોકની સુવિધા આપવી પડશે.
૫. એથિક્સ કોડ ટીવી, સિનેમા જેવા જ રહેશે.
૬. OTT પ્લેટફોર્મ્સે સેલ્ફ રેગ્યુલેશન બોડી બનાવવી પડશે.
૭. ફેક કન્ટેન્ટ નાખવા બદલ કડક કાર્યવાહી કરાશે.

### સોશિયલ મીડિયા માટે નવા નિયમ

૧. નવી ગાઈડલાઈન્સ મુજબ સોશિયલ મીડિયાએ એક ફરિયાદ સેલ બનાવવો પડશે.
૨. કોઈ પણ કન્ટેન્ટ હટાવતા પહેલા કારણ બતાવવું હશે.
૩. ફરિયાદ કરવા પર આપત્તિજનક પોસ્ટને ૨૪ કલાકમાં હટાવવી પડશે.
૪. દર મહિને ફરિયાદ પર કાર્યવાહીની જાણકારી આપવી પડશે.
૫. સોશિયલ મીડિયાના આ નિયમો ત્રણ મહિનામાં અંદર લાગુ થશે.
૬. ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિયુક્તિ કરવાની રહેશે. જે નિયમોના કમ્પ્લાયન્સને લઈને જવાબદાર રહેશે.
૭. એક નોડલ કોન્ટેક્સ પર્સનની પણ નિયુક્તિ કરવાની રહેશે, જે ૨૪૭૭ લો ઈનફોર્સમેન્ટ એજન્સીઓ સાથે તાલમેલ બેસાડી રાખશે.
૮. નિયુક્ત કરાયેલા બંને અધિકારી ભારતમાં રહેતા હોવા જોઈએ.
૯. રેસિડેન્ટ ગ્રીફાન્સ અધિકારીની પણ નિયુક્તિ કરવાની રહેશે.
૧૦. સૌથી પહેલા પોસ્ટ નાખનારાની જાણકારી આપવી પડશે.

★ સોશિયલ મીડિયા કંપનીઓએ યૂઝર્સ વેરિફિકેશનની સિસ્ટમ બનાવી પડશે, યૂઝરને મળશે વધારે તાકાત અને કંપનીઓએ યોગ્યે મેકેનિઝમ રાખવું પડશે.
★ કરોડો યુઝર્સની ફરિયાદ માટે એક ફોરમ બને, ખોટી કન્ટેન્ટ કોણે નાખી છે એ જણાવવું પડશે,સોશિયલ મીડિયાનો ઉપયોગ આતંકીઓ પણ કરી રહ્યાં છેઃ કેન્દ્ર સરકાર.

## દૈનિક રાશીફળ

તા.૨૬.૦૨.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- સગા સ્નેહીજનો સાથે મુલાકાત થાય આર્થિક રીતે લાભ રહે. વિદ્યા અભ્યાસમાં અનુકુળતા રહેવાની રાજકીય લાભ રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- તબીયત બાબત ધ્યાન દેજો માનસિક ટેન્સન હળવું થવાનું નકારાત્મક વિચારોથી દૂર રહેજો પ્રવાસનું આયોજન થાય.
મિથુન(ક.છ.ઘ.) :- વિલંબમાં પડેલા કાર્યો આગળ વધવાના મનની મુંઝવણો હળવી થતી જોઈ શકાય. ધાર્મિક યાત્રા પ્રવાસની ઈચ્છા ફળવાની.
કર્ક(ડ.હ.) :- તમારી કાર્ય કરવાની કુશળતા તમોને સફળતા તરફ લઈ જશે નવી ઓફર પણ આવે રાજકીય વ્યકિતની મુલાકાત થાય.
સિંહ(મ.ટ.) :- વિદેશ સાથેના બીઝનેશનમાં સફળતા મલવાની ભાઈ-બહેનો સાથે મિલ્કતની ખરીદીની ચર્ચા વિચારણા થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- પરિવારમાં માંગલિક પ્રસંગો ઉભા થાય નોકરીમાં બદલીના ચાન્સ કાનૂની ગુંચવણોથી દૂર રહેજો આત્મવિશ્વાસ જાળવવો.
તુલા(ર.ત.) :- મહત્વના કાર્યોમાં ધ્યાન દેજો માતુશ્રીના સ્વાસ્થ્ય બાબત જાળવવું વિદેશથી લાભ મલવાનું.
વૃશ્ચિક(ન.ય.) :- નવી ભાગીદારી યોજનામાં અનુકુળતા કર્જમાં રાહત. લગ્ન ઈચ્છુકોને મનગમતી ઓફર આવે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- ટીમ વર્કનો લાભ મલવાનો આવકનું પ્રમાણ જળવાઈ રહે. નોકરીમાં મનગમતુ કાર્ય મલવાનું.
મકર(ખ.જ.) :- વિપરીત સંજોગો દૂર થતા જોઈ શકશો નવી યોજનામા સફળતા. વિદેશથી લાભ મલવાનો છે.
કુંભ(ગ.શ.સ.) :- જવાબદારીઓ વધવાની છે મિલ્કતના પ્રશ્નોમાં લાભ નોકરીમાં પ્રમોશન વિદેશ જવાની તક મલે.
મીન(દ.ચ.ઝ.) :- વિકાસ માટેના પ્રયત્નો ફળવાના સામાજીક કાર્યોમાં સફળતા નોકરીમાં નવી ઓફર આવે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર દાહોદની મુલાકાતે આવ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર આજરોજ દાહોદની મુલાકાતે આવ્યાં હતાં. જનરલ મેનેજર દ્વારા દાહોદ રેલ્વે વર્કશોપ સહિત વિવિધ વિભાગોમાં પહોંચી નિરીક્ષણ સહિત મીંટીંગ યોજી હતી. જોકે આ કાર્યક્રમમાં મીડિયા કર્મીઓને બાકાત રાખવામાં આવતા આ મામલે કેટલાક પત્રકારોએ પશ્ચિમ રેલવેના મહા પ્રબંધક અશોક કંસલને અટકાવી જીએમના ઈન્સપેક્શનમાંથી પ્રેસ મીડિયાને કેમ બાકાત રાખવામાં આવી તેવી પૃચ્છા કરતા તેઓએ જણાવ્યું હતું કે રેલવે વર્કશોપનો ઈન્સ્પેક્શન એ રુટીન પ્રક્રિયા છે. તેમાં પબ્લિકમાં જાહેર કરવાનું કશું હોતું નથી. તે માટે પ્રેસ મીડિયાને બોલાવવામાં આવ્યા નથી. જોકે મીડિયાકર્મીઓના કેટલાક સવાલોના વિસ્તાર પૂર્વક જવાબ પશ્ચિમ રેલવેના મહા પ્રબંધકે આપ્યા હતા. ત્યાર બાદ ૦૧.૪૦ કલાકે દાહોદ વર્કશોપની મુલાકાત લીધી હતી. લંચ બાદ ૦૨.૨૦ કલાકે વર્કશોપ ખાતે હાજર રહી નીરીક્ષણ કર્યું હતું. તે પહેલા વર્કશોપના ગેટ આગળ દાહોદના રેલ્વે અધિકારીઓ તેમજ કર્મચારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. ૦૪.૫૦ કલાકે સી.ડબલ્યુ. એમ., દાહોદ ખાતે પ્રેઝન્ટેશન આપ્યું હતું. સાંજના ૦૫૨૫ કલાકે જનરલ મેનેજર દ્વારા રેલ્વેના યુનિયન મેમ્બરો સાથે મીટીંગ યોજી હતી. આ મીટીંગમાં યુનિયનના કર્મચારીઓ પોતાના વિવિધ રજુઆતો જનરલ મેનેજર સમક્ષ રજુ કર્યા હતાં. આ બાદ હેરીટેડ ગેલેરી ખાતે ઈન્સ્પેકશન માટે પહોંચ્યાં હતાં. સાંજે ૦૭.૩૦ કલાકે રાત્રી ભોજન લઈ રાત્રીના ૧૦.૦૦ કલાકે દાહોદથી રવાના થયાં હતાં.

## દાહોદ રેલવે સ્ટેશન ખાતે ઉભી રહેતી લોકલ ટ્રેનોના પ્લેટફોર્મ અંગે યોગ્ય ઘટતું કરીશું

દાહોદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર ઉભી રહેતી રતલામ ઉજજૈન, વડોદરા મેમુ, ભોપાલ ઈન્ટરસિટી તેમજ વલસાડ ઈન્ટરસિટી જેવી લોકલ ટ્રેનો લાંબા સમય સુધી પ્લેટફોર્મ નંબર એક પર ઊભી રહે છે. જેના પગલે દાહોદ ખાતેની પસાર થતી અનેક ટ્રેનોને પ્લેટફોર્મ નંબર-૨ પર ડાઈવર્ટ કરવામાં આવે છે. જેના લીધે પેસેન્જરોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવે છે.તેમાંય ખાસ કરીને વૃદ્ધ મુસાફરો મહિલાઓ તેમજ દિવ્યાંગ મુસાફરો વધુ મુશ્કેલીઓ પડતી હોય છે તેના સંદર્ભમાં પત્રકારો જોડેની વાતચીતમાં પશ્ચિમ મહા પ્રબંધક આલોક કંસલે જણાવ્યું હતું કે આ અંગે રતલામ ડી.આર.એમ જોડે ચર્ચા કરી મુસાફરોની સુખાકારી તેમજ સુવિધાને ધ્યાનમાં રાખી ઉપરોક્ત તમામ ટ્રેનોના પ્લેટફોર્મ અંગે યોગ્ય ઘટતું કરવા ખાતરી આપી હતી.

**આલોક કંસલ (પશ્ચિમ રેલવે મહા પ્રબંધક)**

## દાહોદમાં રેલવે કોલોની જર્જરિત હાલતમાં : ફંડ ની સમસ્યાના લીધે કામમાં વિલંબ : પરંતુ પાણી, ડ્રેનેજ તેમજ છત લીકેજને પ્રાથમિકતા આપવા કટિબદ્ધ

દાહોદમાં વિશાળ પરિસરમાં પાથરાયેલી રેલવે કોલોની ખુબ જ સમય પહેલા બનેલી હોવાથી હાલ રેલવે કોલોનીમાં બંનેના આવાસો જર્જરિત અવસ્થામાં છે. તેમજ કેટલા એ રેલવે આવાસો તોડીને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે.તે સંદર્ભમાં પશ્ચિમ રેલવેના મહા પ્રબંધક આલોક કાંસલે જણાવ્યું હતું કે રેલવે કોલોનીના આવાસો જર્જરિત અવસ્થામાં છે. તે અમારી જાણમાં છે. હાલ સમગ્ર પશ્ચિમ રેલવેમાં પૂરતા ફંડના અભાવે આ સમસ્યા ઊભી થઈ છે. પરંતુ રેલ્વે આવાસોની ધાબામાં થતાં લીકેજ પીવાના પાણીની સમસ્યા તેમજ ડ્રેનેજ તેમજ રેલ્વે આવાસોની ધાબામાં થતાં લીકેજ પીવાના પાણીની સમસ્યા તેમજ ડ્રેનેજની સમસ્યા બાબતને પ્રાથમિકતા આપી કરાવવા માટે જણાવ્યું હતું.

## અંગ્રેજોના સમયમાં બનેલા રેલવેમાં હોસ્પિટલના મોટાભાગના વિભાગો બંધ હાલતમાં

અંગ્રેજોના જમાનામાં બનેલો રેલવે મેંન હોસ્પિટલ એક સમયે ૨૪ કલાક ધમધમતું હતું. તેમજ પૂરતો સ્ટાફ હોવાના કારણે યોગ્ય સારવાર પણ મળતી હતી. પરંતુ બદલાતા સમયના વહેણમાં તેમજ રેલવેતંત્રની ઉદાસીનતાના કારણે રેલવે મેન હોસ્પિટલમાં ખાલી પડેલા પદો ભરવામાં આવ્યા નહોતા. જેના પરિણામ સ્વરૂપ આજે રેલવે હોસ્પિટલના મોટા ભાગના વિભાગો પર ખંભાતી તાળા લાગી ગયા છે.અને આવનારા સમયમાં આ રેલવે હોસ્પિટલ બંધ થવાની કગાર પડશે તેવી ચર્ચાઓ ઉઠવા પામી હતી. જેના સંદર્ભમાં દાહોદ ખાતે પધારેલા પશ્ચિમ રેલવેના મહા પ્રબંધક આલોક કંસલે જણાવ્યું હતું કે રેલવે હોસ્પીટલ જ નહિ પશ્ચિમ રેલવેના કોઈપણ હોસ્પિટલ બંધ કરવામાં નહીં આવે. તેમજ આજે મારી જોડે હેડ ઓફ ડિપાર્ટમેન્ટ દાહોદ આવેલા છે. અને તેઓ આજે રેલવે હોસ્પિટલનો નિરીક્ષણ કરશે અને તેમાં પડતી સમસ્યાઓ તેમજ માંગણીના આધારે કાર્યવાહી કરવા પર ભાર મુક્યો હતો.

## રેલવે વર્કશોપના વર્કલોડમાં વધારો : પરંતુ સ્ટાફની અછત એક સમસ્ય

પશ્ચિમ રેલવેમાં દાહોદનો રેલવે વર્કશોપ પહેલા નંબરે આવે છે. કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ આ વર્કશોપનો વર્ક લોડ ખૂબ જ ઝડપથી વધવા પામ્યો છે.જોકે આ વર્કશોપમાં મેન પાવરની ખુબ જ અછત હોવાના સંદર્ભમાં પશ્ચિમ રેલવેના મહા પ્રબંધક આલોક કસલે જણાવ્યું હતું કે, રેલવે વર્કશોપમાં ડીઝલ શેડ, લોકો શેડ સહિતના વિભાગોમાં વર્કલોડ વધવા પામ્યો છે. પરંતુ મેન પાવર અંગે યુનિયનો અમારા સુધી માંગણી કરે છે. તેનો રિપોર્ટ અમે મંત્રાલયમાં મોકલીએ છીએ ત્યાંથી મેન પાવર અલોટમેન્ટ થયાં બાદ અમે તેમણે જરૂરિયાત પ્રમાણે મૂકતા હોઈએ છીએ હાલમાં જ રેલવે વિભાગ દ્વારા પરીક્ષાઓ લેવામાં આવી હતી અને ટેકનિકલ સ્ટાફની ભરતી કરવામાં આવ્યો હતો એટલે મેન પાવરમાં આવનારા સમયમાં જરૂર પડશે તો આઉટસોર્સિંગ તેમજ અન્ય વિકલ્પો પર વિચાર કરીશું તેમ જણાવ્યું હતું. પરંતુ બિન સત્તાવાર રીતે જાણવા મળ્યા મુજબ રેલવે વર્કશોપમાં થઈ રહેલા કામોમાં મોટા ભાગના કામો આઉટસોર્સિંગ મારફતે થઈ રહ્યો હોવાનો જાણવા મળેલ છે.

# સિંગવડ પંથકમાં કોરોનાએ પુનઃ માથું ઉંચકતા ફફડાટ

- તાલુકા પંચાયત જિલ્લા પંચાયતોની ચૂંટણીઓના પ્રચારમાં તેમજ લગ્નમાં ભેગી થતી ભીડના લીધે કોરોનાનો વ્યાપ વકરવાની આશંકા.
- કોરોના ગાઈડલાઈનના સરેઆમ ઉડતા ધજાગરા.
- સિંગવડ તાલુકા તથા આજુબાજુના ગામડાઓમા ફરી કોરોના કેસોં વધતા લોકોમાં ફફડાટ.

સિંગવડ,

સિંગવડ તાલુકા તથા આજુબાજુના ગામડાઓમાં ફરી કોરોનાના કેસ એક પછી એક વધતા જતા ની સાથે કોરોનાનો કહેર વધવા માંડ્યો છે જ્યારે તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણી તથા લગ્ન ગાળો એકદમ વધી જતા કોરોનાનો કેર ક્યાં જઈને ઉભો રહે છે. તે તો આવનાર સમય બતાવશે તેમ લાગી રહ્યું છે. સરકારના ગાઈડ લાઈન મુજબ લોકો દ્વારા માસ્ક પહેરવું સોશિયલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ ધોવા જેવી બાબતો ધ્યાનમાં નહીં લેતા આ કોરોનાનો કહેર વધશે તેમ લાગી રહ્યું છે. જ્યારે હમણાં થોડાક સમય પહેલાં જ એક પ્રાથમિક શાળાના આચાર્ય મુકેશભાઈ પટેલનો કોરોના કારણે મૃત્યુ થયું હતું. જ્યારે સીંગવડ ગામમાં આવેલી પંચમહાલ ડિસ્ટ્રીક બેંકના કર્મચારીઓને પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પંચમહાલ ડીસ્ટ્રીક બેંકને બંધ કરવાનો વારો આવ્યો હતો. જ્યારે દાસના શાળાના બે શિક્ષકોને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા તેમને પણ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા હતા તથા બીજા ઘણા કોરોના પોઝિટિવ લોકોને હોમ આઈલોશન કરવામાં આવ્યા હતા.સિંગવડ તાલુકામાં કોરોનાનો કેસ એકદમ વધતા આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું હતું. જો લોકો દ્વારા સરકારના કોવિડ ૧૯ ની ગાઈડલાઈન મુજબ જો લોકો દ્વારા માસ્ક પહેરી તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવે તો આ કોરોનાના કેસ વધે નહીં તેમ લાગી રહ્યું છે. જ્યારે સરકારી તંત્ર દ્વારા પણ આ કોરોનાના સામે કડક કામગીરી કરવામાં આવે તો આ કોરોનાના કેસો ઓછા થાય એમ લાગી રહ્યું છે.

# દાહોદ જીલ્લા અને તાલુકામાં યોગ બોર્ડ થકી ગામડા સુધી યોગ કરતા થયા



દાહોદ,

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત સમગ્ર ગુજરતભરમાં તમામ જિલ્લાઓ ની અંદર અને તમામ તાલુકાઓની અંદર અલગ અલગ યોગ કોચ સિલેક્ટ કરીને તમામ જિલ્લા અને તાલુકા ની અંદર છેવાડાનાં ગામડાં સુધી લોકો યોગ કરતાં થાય એ માટે ગુજરાત રાજ્ય ની અંદર આ યોગ બોર્ડ ની સ્થાપના કરવામાં આવી છે. યોગ બોર્ડ નાં ચેરમેન શિશપાલજી દ્વારા આ હાલમાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. અને તેઓ પોતે દર મહિને અલગ અલગ જિલ્લાઓ ની મુલાકાત લે છે અને યોગ સંવાદો યોજે છે. લોકો હજુ વધારે ને વધારે યોગ સાથે જોડાઈ એવા પ્રયાસો તેવો કરે છે.

ત્યારબાદ જે યોગ કોચ સિલેક્ટ થયા છે તે બધાં કોચ દર મહિને ટ્રેનર્સ તૈયાર કરે છે અને તે ટ્રેનર્સ ને એક મહિના ની તાલીમ આપે છે.તાલીમ લીધા બાદ તે ટ્રેનર્સ બીજા લોકો ને યોગ શિખવાડે છે.ત્યારબાદ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમને માનદ વેતન દર મહિને આપે છે.

એવી જ રીતે યોગ તાલીમ શિબિર દાહોદ નાં ગરબાડા તાલુકા માં યોગ કોચ રમીલા બેન દ્વારા ૧/૦૨/૨૧ થી ૧/૦૩/૨૧ સુધી સવારે ૭:૩૦ થી ૯:૩૦ બે કલાક, મહાદેવ મંદિર તળાવ ની બાજુમાં ગરબાડા ની અંદર દરરોજ બધાં ટ્રેનરો ને તાલીમ આપવામાં આવી રહી છે અને તાલુકા ની અંદર યોગ નું મહત્વ વધે એવા પ્રયાસો થઈ રહ્યાં છે.

આ મહિનો પૂર્ણ થતાં ૪૦ ટ્રેનરો તૈયાર થશે અને તે બધાં પોતાનાં બે કલાસ ખોલશે. આ તાલીમ ની અંદર ગરબાડા તાલુકા નાં શિક્ષકોએ પણ ભાગ લીધો છે અને તેઓ બધાં પોત પોતાની શાળા ની અંદર વિદ્યાર્થીઓ ને યોગ શીખવાડશે જેથી કરીને આવતા મહિને ૬૦ થી પણ વધારે કલાસ ગરબાડા તાલુકા ની અંદર ખુલશે.

શહેરની સામે ગામડાં ની વાત કરીએ તો.. ગામડાંની અંદર વધારે કલાસ ખુલશે એવી આશા જોવા મળી રહી છે. હજુ વધુ ને વધુ લોકો યોગ સાથે જોડાઈ એવા પ્રયાસો યોગ કોચ ગરબાડા તાલુકામાં રમીલાબેન કરી રહ્યા છે. અને ગામડાઓમાં લોકો વધારે ને વધારે વ્યસમુક્તિ થાય તેવા પ્રયાસો કરી રહ્યાં છે. આશા છે કે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નું અને આપણાં બધાં નું જે સપનું છે એટલે કે સમસ્ત ગુજરાત રાજ્ય ની અંદર એક એક ગામડાં સુધી લોકો યોગ કરતાં થાય અને કોરાનામુક્ત ગુજરાત બને એ પૂર્ણ થાય.

## ફતેપુરા મામલતદાર કચેરી ખાતે ચૂંટણી ઓબ્ઝર્વર તેમજ ચૂંટણી અધિકારીઓ વચ્ચે સમીક્ષા બેઠક યોજાઈ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં આવેલ મામલતદાર કચેરીમાં ઓબ્ઝર્વર પુષ્પાબેન નિનામાએ ચૂંટણી અધિકારીઓ સાથે મીટીંગ યોજી હતી.અને કરેલ કામગીરીની સમીક્ષા કરી સંતોષ વ્યકત કર્યો હતો. અને જરૂરી સુચનો પણ કર્યા હતા.

ફતેપુરા તાલુકા પંચાયતની ૨૮ સભ્યોની તેમજ ફતેપુરા તાલુકામાં સમાવેશ થયેલ જિલ્લા પંચાયતની ૬ સભ્યનું મતદાન રવિવાર તારીખ ૨૮ ના રોજ યોજાનાર હોય ચૂંટણીની કામગીરીને લઈને ચૂંટણી ઓબ્ઝર્વર મેડમ પુષ્પાબેન નીનામા એ મામલતદાર કચેરીમાં ચૂંટણી અધિકારી સાથે બેઠક યોજી હતી. ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા બિરક્ષણ કર્યું હતું.અને અને થયેલ કામગીરી પર સંતોષ વ્યકત કર્યો હતો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી પણ સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર આર.વી.ગામીત તાલુકા ચૂંટણી અધિકારી અને મામલતદાર પી.એન.પરમાર તાલુકા ચૂંટણી અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી પી .એસ. અમલીયાર તેમજ સુખસર પોલીસ સ્ટેશન ના અને ફતેપુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ હાજર રહ્યા હતા.

# દાહોદ પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવ ઉજવાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પંચાલ સમાજ નવયુવક મંડળ દ્વારા આજરોજ વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ જયંતિની ઉજવણી સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ સાથે કોવિડ – ૧૯ની ગાઈડલાઈન હેઠળ ભવ્ય શોભાયાત્રા પણ નીકળી હતી. આ શોભાયાત્રામાં ખાસ મહિલા મંડળ દ્વારા રાશ ગરબાની રમઝટ આકર્ષણું કેન્દ્ર બની હતી.

આજરોજ મહાસુદ તેરસને ગુરૂવારને તારીખ ૨૫.૦૨.૨૦૨૧ના રોજ દર વર્ષની માફક આ વર્ષે પણ દાહોદના પંચાલ નવયુવક મંડળ દ્વારા વિશ્વકર્મા જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વિશ્વકર્મા મંદિર, ચેતના સોસાયટી, દાહોદ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વકર્મા ભગવાનનો કેશર દુધથી અભિષેક સવારે ૦૫.૧૫ કલાકે કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ભગવાનનું પુજન સવારે ૦૮.૧૫ કલાક બાદ સવારે ૧૦.૩૦ કલાકે નીજ મંદિરેથી વિશ્વકર્મા ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં સમાજના આગેવાનો સહિત, મહિલા, બાળકો, વયોવૃધ્ધો લોકો મોટી સંખ્યામાં જોડાયા હતાં. હાલ કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખી સમાજ દ્વારા આ શોભાયાત્રા સહિત તમામ કાર્યક્રમો સરકારની ગાઈડલાઈનના નિયમો પ્રમાણે રાખી ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું. આ વખતે શોભાયાત્રા ટુંક સમયમાં પુરી કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ખાસ સમાજની મહિલાઓ રાસ–ગરબાની રમઝટ બોલાવી આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. આ બાદ શોભાયાત્રા પુનઃ નિર્ધારિત સ્થળે પહોંચી હતી. પ્રાસંગિક પ્રવચન, ધ્વજારોહણ, થાળ તથા મહાઆરતી બાદ બપોરે ૦૧.૦૦ કલાકે નીચ મંદિરે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ઘણા વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ પરિણામ બદલ પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. વયોવૃધ્ધ સહિત લોકોને સમાજ તરફથી સન્માતિ કરવામાં આવ્યા હતાં. નગરપાલિકાના કાઉન્સીલર જે બીન હરીફ ચુંટાઈ આવ્યા હતાં. તેઓને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. હાલ ઓલ ઈન્ડિયા જર્નાલિસ્ટ એસોશીએશન ગુજરાત પ્રદેશ ઉપ્રમુખ તરીકે નિમણુંક પામેલ વિનોદ પંચાલને પણ સન્માતિ કરવામાં આવ્યાં હતાં. આમ, આ પંચાલ સમાજ દ્વારા આયોજીત વિશ્વકર્મા જયંતિ મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો.

## ફરજ પ્રત્યે નિષ્કાળજી બદલ બે પોલીસ કર્મીઓને ચાર મહિનાની કેદની સજા ફટકારતી કોર્ટ

લીમખેડા,

૨૬ એપ્રિલ ૨૦૧૦ ના રોજ બારીયા સબજેલમાંથી ચીલાકોટા ગામના આરોપી ગોરધન રત્ના ભાભોરને ફરજ પરના પો.કો.ચંદ્રસિંહ પટેલ તથા વિષ્ણુપ્રસાદ પરમાર લીમખેડા કોર્ટમાં રજુ કરવા માટે આવ્યા હતા. કોર્ટમાંથી પરત બારીયા સબજેલમાં જવા માટે પોલીસ કર્મીઓ આરોપીને લઈ લીમખેડા શાસ્ત્રી ચોકમાં બસની રાહ જોઈ બેસી રહ્યા હતા. તે સમયે ગોરધન ભાભોરે લઘુશંકાનુ બહાનુ બતાવી પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. આ કેસ સંદર્ભે લીમખેડા જયુડિ.મેજીસ્ટ્રેટ કોર્ટમાં તા.૧૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ૪ માસની સાદી કેદની સજા તથા ૨૦૦ રૂપિયાનો દંડનો હુકમ કરવામાં આવ્યો હતો. જે હુકમને આરોપી પોલીસ કર્મચારીઓના વકીલ દ્વારા એડિશનલ સેશન્સ જજ લીમખેડાની કોર્ટમાં અપીલથી દાખલ કરવામાં આવ્યો હતો. કેસ લીમખેડાના ચોથા એડિશનલ સેશન્સ જજ પી.પી.પુરોહિતની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ શૈલેષકુમાર તડવીની ધારદાર દલીલોને માન્ય રાખી નીચલી કોર્ટના હુકમને સેશન્સ જજે માન્ય રાખ્યો હતો. તેમજ બંને પોલીસ કર્મચારીઓને જયુડિ.કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

# દાહોદ જિલ્લામાં પારકી જમીન પચાવી પાડવા બદલ એક સાથે ત્રણ ફરિયાદો



દાહોદ,

જમીન માફિયાઓને નશ્યત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલા લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ દાહોદ જિલ્લામાં એક જ સાથે ત્રણ ફરિયાદો નોંધાતા પારકી જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિ કરતા ઈસમોમાં ફફડાટ ફેલાઇ ગયો છે. કલેક્ટર વિજય ખરાડીની અદયક્ષતા ધરાવતી લેન્ડ ગ્રેબિંગ કમિટિ દ્વારા જારી કરાયેલી સૂચના બાદ આ ફરિયાદો દાખલ કરાઈ છે.

પ્રથમ ફરિયાદ દાહોદના ટાઉન પોલીસ સ્ટેશનમાં તા. ૨૨ના રોજ અનવરખાન મહમ્મદખાન પઠાણ દ્વારા નોંધાવવામાં આવી છે. તેની ફરિયાદ એવી છે કે, અહીંના કસ્બા વિસ્તારમાં ઊર્દૂ શાળા પાસે રહેતા પાંચ શખ્સો દ્વારા સિટી સર્વે નંબર ૨૫૪૦ની ૧૩૬ ચોરસ મિટર અને સિટી સર્વે નંબર ૨૫૮૯માં ૨૩૨ ચોરસ મિટર રસ્તામાં કસરતના સાધનો મૂકી તથા દરવાજા મૂકી દબાવી પાડી છે.

બીજી ફરિયાદ ચાકલિયા પોલીસ સ્ટેશનમાં ઝાલોદ તાલુકાના શારદા ગામના નિશાળ ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય મતાભાઈ ધનાભાઈ મેડાએ નોંધાવી છે. આ એફઆરઆઇ મુજબ ફરિયાદીના પિતા ધનાભાઇ નિશાળ ફળિયામાં તેમના સસરાને ત્યાં ઘરજમાઇ તરીકે રહેતા હતા. માતા જીથુડીબેનને તેમના પિતાના વારસાઇમાંથી સર્વે નંબર ૬૧ પૈકી એક હેક્ટર જમીન મળી હતી. આ જમીનમાં જીથુડીબેનના સીધી લીટીના વારસદાર તરીકે ફરિયાદીને આ જમીન પ્રાપ્ત થઇ હતી. પરંતુ, આ જમીનમાં ફરિયાદીના કૌટુંબિક મામાના ચાર દીકરાઓને મકાન બનાવી પચાવી પાડવા બદલ ફરિયાદ નોંધાઇ છે.

ત્રીજા રાવ સુરતના ઓલપાડ ખાતે રહેતા અનિલકુમાર નટવટલાલ દેવડાએ નોંધાવી છે. તેમણે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમનું મકાન દાહોદમાં સર્વે ૭૬/૧ પૈકી પ્લોટ નંબર ૧૪/બીમાં બનાવેલી મકાનમાં તેમના કાકા અને તેના પુત્રો મળી કુલ નવ આરોપીઓને પચાવી પાડ્યાનું જણાવ્યું છે. દાહોદ પોલીસે આ ફરિયાદો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદના રળીયાતી ગામેથી ૩૧ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી ગામે એક રહેણાંક મકાનમાંથી પોલીસે કુલ રૂા.૩૧,૫૮૫ના પ્રોહી જથ્થા સાથે એકની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રળીયાતી ગામે સાંસીવાડમાં રહેતા રામુભાઈ રમણભાઈ ભાના (સાંસી) પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની દાહોદ તાલુકા પોલીસન મળેલ બાતમીના આધારે ગત તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ ઓચિંતી પ્રોહી રેડ કરતાં રામુભાઈને પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૩૨ મીણીયાના થેલામાંથી ઝડપી પાડી કુલ રૂા.૩૧,૫૮૫ ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસહાથ ધરી છે.

# દે.બારીઆ શહેર તથા પંથકમાં ગરમીનો પારો વધતા પશુઓ પણ તરસ છીપાવવાનો નુસ્ખો શીખી લીધો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ પંથકમાં આમ તો ત્રણે ઋતુ એક સરખી રહે છે. વરસાદ હોય ઠંડી હોય કે ગરમી આમ ત્રણે–ત્રણ ઋતુ કુદરતી રીતે એક સરખી અને એકધારી પડતી આવી છે. દે.બારીઆ શહેર સાથે પંથકમાં ગરમીની એન્ટ્રી થઈ ચૂકી છે. ઠંડી વિદાય લઈ રહી છે. તો પશુઓ બપોરે પોતાની તરસ છીપાવવા માટે કોઈ ને કોઈ નુસ્કો અપનાવતા હોય છે. ૨૫ વર્ષ અગાઉ ધોરણ–૭–૮માં ગુજરાતી ભાષાની પુસ્તકમાં એક પાઠ ભણાવવામાં આવતો હતો. જે આ મુજબ હતો એક કાગડાને તરસ લાગી જેથી તે પોતાની તરસ છીપાવવા માટે આમ તેમ આંટા ફેરા કરતા એક મોટું કુંજ દેખાયો પરંતુ તેમાં પાણી ઉંડુ હતું. જેથી તેવો એક નુસ્ખો અજમાયો તો કુવામાં કાંકરા નાખવા માંડયા જેથી તે કુંજનું પાણી ઉંચે આવી ગયું અને કાગડા એ પોતાની તરસ છીપાવી લીધી. આ મુજબ દે.બારીઆમાં બપોરે એક બકરી એ પોતાની તરસ છીપાવી લીધી. આ મુજબ દે.બારીઆમાં બપોરે એક બકરી એ પોતાની તરસ છીપાવવા ખાતર ટાંકીના નળમાં લીકેજરૂપી ટપકતા પાણી થી પોતાની તરસ છીપાવતી નજરે ચડતા અમારા પ્રતિનિધી એ કેમેરામાં કેદ કરી લેતા હાલમાં ગરમીની શરૂઆત છે. આગળ આવતા ઉનાળો કેવો હશે તે આ દ્રશ્ય પરથી વિચારવું રહ્યું. ખાસ નગર પાલિકાનું પાણી પુરવઠા વિભાગ શહેરમાં વેડફાતા પાણીને અંકુશમાં લે તથા જીલ્લા અને તાલુકાનું તંત્ર આળશ ખંખેરીને પાણી અને સ્ત્રોતો ખાસ કરીને પાનમ નદીમાં જે આવશે ખનન કરીને પાણી ઊંડુ જાય છે. તે માટે કડક પગલાં ભરવા પડશે તો માર્ચ થી મે સુધી પીવાના પાણી માટે પાનમ નદી ઉપર હેર નભતો હોય છે. જેથી તંત્ર નક્કર આયોજન કરી શહેરની જનતા માટે સ્વચ્છ પાણી મળે રહે તેનું આયોજન કરવા આમ જનતા માંગ કરી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 157

